

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

ચૂંટાયા પછી, લેટે છે ઓટળે, શીતળા સાતમ,
પડી નથી પ્રજાની, ને ખાયકીની ઉજવે શીતળા સાતમ,
શીતળા ફૂટી નિકળશે રૂવે - રૂવે ન્યાય - કોર્ટમાં -
ને લૂંટ-ચોરી-ખૂન છતાંય સુરક્ષાના કલેજે શીતળા સાતમ.

હાઈકુ

જો મળી જાય
ટાઢો રોટલો, માનો
દેવીની કૃપા

નેતાઓની તો
છે શીતળા સાતમ -
રાંધેલ હમા

### ચિંતન

**મનો બુદ્ધિ અહંકાર ચિત્તાનિ નાહં, ન ચ શ્રોત્ર જિહ્વે ન ચ ઘ્રાણ નેત્રે ।
ન ચ વ્યોમ ભૂમિ : ન તેજો ન વાયુઃ, ચિદાનંદરૂપ શિવોઽહં શિવોઽહં ॥**

ઉપરોક્ત શ્લોક અષ્ટાવક્ર ગીતામાંથી લેવામાં આવેલ છે.

જ્યાં પંચમહાભૂત જ નથી તે દેહ ક્યાંથી હોય જ ! દેહ નથી તો ઈન્દ્રિયો કે મન પણ ક્યાં રહ્યાં ? ને તન કે બુદ્ધિ નથી તો પછી શૂન્ય સ્થિતિ તેમજ નિરાશા, કોઈ જ આશાનું ન હોવું, પણ ક્યાં રહ્યાં ?

સામાન્યતઃ બધા આશા, ઈચ્છા, અપેક્ષા વગેરે છોડવાનું કહે, ને બિલકુલ આશારહિત સ્થિતિની પ્રાપ્તિની વાત કરે, પરંતુ અષ્ટાવક્ર મનોવૈજ્ઞાનિક રીતે અને સાપેક્ષતાની દૃષ્ટિએ વાત કરે છે. કંઈ જ આશા ન હોવી તે પણ આશા હોવા સાથે, નકારાત્મક રીતે સંબંધિત છે. તેથી જ અહીં કહે છે કે જેમ આશા કે તૃષ્ણા તો નથી જ, તે રીતે આશારહિતતા પણ નથી, કંઈ જ નથી, તો પછી એને તો ભગવાન બુદ્ધ શૂન્ય કહે છે.

### સુવિચાર

- અજીબ કિસ્સા હૈ જિંદકી કા... અજનબી હાલ પૂછ રહે હૈં ઔર...
  અપનો કો ખબર તક નહીં - **જાવેદ બલોચ**
- જિંદગીમાં જે પર્વત ઉપાડીને તમે ચાલી રહ્યાં છો
  તે ઉપાડવા માટે નહીં ફક્ત ઓળંગવા માટે જ આવ્યો હતો - **ચંદ્રકાન્ત બક્ષી**
- શિખામણોથી રસ્તો મળી શકે છે
  પરંતુ સાચી દિશા મેળવવા માટે તો ભૂલો કરવી જ પડે - **એસ. ભટ્ટાચાર્ય**
- નિયમોને પોતાની આદત બનાવી નાંખો સફળતા તમારી ગુલામ બની જશે - **રાજુ અંધારિયા**
- જો મન મેડલ મેળવી શકે તો શરીર મેડલ મેળવી જ શકે - **ડો. જિતેન્દ્ર અઢિયા**
- સફળતાની કિંમતમાં ડિસ્કાઉન્ટ સિસ્ટમ નથી હોતી. ૧% ટકા પણ નહીં - **બ્રાયન ટ્રેસી**
- આજનું ઔષધ : મેથીની ભાજીનો રસ દહીંમાં મિક્સ કરી ચપટી સિંધાલુણ મિક્સ કરીને પીવાથી મરડામાં રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

બે મિત્રો રણ જેવા વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા. કોઈ બાબત પર એવી ગરમાગરમી થઈ ગઈ કે એક મિત્રએ બીજાને એક થપ્પડ મારી દીધી. જેને થપ્પડ ખાધી હતી તે એક શબ્દ બોલ્યા વગર પેલાથી થોડું પાછળ ચાલવા લાગ્યો. એક ઝાડ નીચે બે જણ વિશ્રામ કરવા થોભ્યા ત્યારે થપ્પડ ખાનાર દોસ્તે ચૂપચાપ રેતી પર લખ્યું, 'આજે મારા સૌથી સારા દોસ્તે મને થપ્પડ મારી.' બીજા દોસ્તે તે જોયું. પણ તે ચૂપ રહ્યો. રણ પૂરું થયું અને નદી આવી. નદી પસાર કરવામાં પેલો થપ્પડ ખાનાર દોસ્ત ડૂબવા લાગ્યો. થપ્પડ મારનાર તરવૈયો હતો તેણે ડૂબતા મિત્રને બચાવ્યો. કિનારા પર આવી થપ્પડ ખાનાર મિત્રને એક કાળા પથ્થર પર સફેદ માર્બલથી લખ્યું, 'આજે સૌથી સારા મિત્રએ મારી જાત બચાવી છે.'

બીજા દોસ્તે આનું કારણ પૂછ્યું, 'જવાબમાં થપ્પડ ખાનાર દોસ્તે કહ્યું,'જયારે કોઈ આપણને ઠેસ પહોંચાડે છે તો એને રેતી પર લખવું જોઈએ. અને જો કોઈ આપણને મદદ કરે કે આપણું ભલું કરે તો તે પત્થર પર લખવું જોઈએ. જેથી કોઈ તેને ભૂંસી ન શકે.'

# રાષ્ટ્રીય શાયરનું સુયોગ્ય તર્પણ

**તંત્રીસ્થાનેથી...**

ગુજરાતીઓ પોતાની સંસ્કાર વિભૂતિઓનું સન્માન કરવામાં ઊણું ઉતરતું રહ્યું હોવાની પ્રસ્થાપિત ઈમેજને સુધારવાનું પગલું વર્તમાન રાજય સરકારે મેઘાણી સવા શતાબ્દી નિમિત્તે ભર્યું છે. મહારાષ્ટ્ર કે કર્ણાટક સહિતનાં દક્ષિણનાં રાજયોમાં સાહિત્યકારો પ્રત્યે જે અહોભાવ અને ઉમળકાની ભાવના દષ્ટિગોચર થતી રહી છે એની સરખામણીએ ગુજરાતની અસ્મિતાનું ચિત્ર ઘણું ધૂંધળું જ લાગે. ખુદ 'ગુજરાતની અસ્મિતા'ને ઉજાગર કરનાર કનૈયલાલ માણેકલાલ મુનશીને આપણે ક્યાં સંભારીએ છીએ ? સાહિત્યનો ઈજારો લઈને બેસી ગયેલા ખેખરાંઓ તો વળી એમને પાટણ જોયા વગર જ 'પાટણની પ્રભુતા' અને એ શ્રેણીની બીજી નવલકથાઓ લખી નાખનાર વાર્તાકાર તરીકે ઊતારી પાડતા રહ્યા છે એમની હયાતીમાં જ બહુ નામોશીભરી રીતે એમની પાસેથી સાહિત્ય પરિષદનું રજવાડું ઝૂંટવી લેવાયું હતું. મેઘાણીને મહાત્મા ગાંધીએ 'રાષ્ટ્રીય શાયર' જેવું મોટું બિરુદ બઝાડી દીધું પણ એથી પેલા ઉજાતભ્રૂ - વિવેચકો થોડા એમના સૂરમાં સૂર પુરાવવાના હતા ? ઘણા બધાએ એમને સેકંડ રેટ પોએટ અને એથીય વધુ તો લોકરંજક કાવ્ય રચીને ગાનારા કરવિ તરીકે ખપાવી દીધા છે. ખુદ ગુજરાતી સાહિત્ય પરિષદે એમને મેદાનના માણસ ગણીને પરિષદના ભવન બહારના પ્રાંગણ સાથે એમનું નામ જોડ્યું. પરિષદના ભવનને ગોવર્ધનરામનું નામ મળ્યું તે ઉચિત પણ મેઘાણીના નામે તો યુનિવર્સિટી સ્થપાવી જોઈતી હતી. પોતાના દેશકાળને વફાદાર રહી આ કાઠિયાવાડી વણિકે પેલા ચાંપા વાણિયાની જેમ અંગ્રેજ સરકાર સામે નિશાન તાકવાની હિંમત બતાવી હતી. એમણે ધંધુકાની કોર્ટમાં બુલંદ અવાજે ગાયેલું ઉત્પીડનનું ગાન કોઈ પણ પ્રજાની વેદનાને વાચા આપતું વિશ્વગાન બની રહે એ બરનું હતું. મેઘાણીએ 'યુગવંદના' કરીને અટકી જવાનું પસંદ નથી કર્યું. એમણે વિશ્વકક્ષાની કવિતાને ગુજરાતી પરિવેશમાં ઉતારીને અનસર્જનની એક નવી દિશા ઉઘાડી આપી છે. એ ફક્ત 'કસુંબીનો રંગ' કે 'મન મોર બની થનગાટ કરે' જેવાં કાવ્યો સામે બૂંગિયો ફૂંક્યો છે, સૌરાષ્ટ્રની રસધાર વહાવી છે, ઉત્તમ જાનપદી નવલકથા 'સોરઠ તારાં વહેતા પાણી' આપી છે. મેઘાણી સાહિત્ય અને પત્રકારત્વને જોડનારા સેતુ છે. 'ફૂલછાબ' આટલાં વર્ષો પછી પણ મેઘાણીને નામે ઓળખાય છે. પન્નાલાલ પટેલ અને ઈશ્વર પેટલીકર જેવા એ સમયની નવી પેઢીના લેખકોને મેઘાણીએ પોતાના ખભા પર ઊંચકીને મોટા દર્શાવ્યા હતા. એમણે આ સર્જકોની કાલજયી કૃતિઓની ટકોરાબંધ પ્રસ્તાવના લખી આપી, એમને તત્કાલીન ધુરંધરો સમક્ષ અને વિશાળ વાચક સમુદાય સમક્ષ ઓળખાવ્યા. ધૂળધોયાનું કામ કરીને આ મહાન સર્જકે નેસડે નેસડે ફરીને લોકજીભે રમતી વાર્તાઓ અને ગીતોને શબ્દબદ્ધ કરીને લોકસાહિત્યનો રાજમાર્ગ કંડાર્યો. આવી બહુમુખી પ્રતિભાને ગુજરાત વીસરી જાય તો નગુણું જ ગણાય. ગાંધીનગરના ચ-૩ સર્જકને ઝવેરચંદ મેઘાણી સર્કલ નામ આપી દેવાથી એ મહાન હસ્તીનું તર્પણ ન થાય. રાજય સરકારે ગુજરાત સાહિત્ય અકાદમીના નવ નિર્મિત ભવનને મેઘાણીનું નામ આપી એનું શિલારોપમ કરીને આ ભૂલ સુધારી લીધે એ બદલ રાજય સરકાર અને અકાદમીના કર્ણધાર અભિનંદનના અધિકારી છે. કવિ તો પ્રજાનો સ્વયંસિદ્ધ પ્રતિનિધિ ગણાય. મુખ્યમંત્રી અને પ્રધાનમંત્રી માજી કે ભૂતપૂર્વ બની જાય; કવિ હરહંમેશ શાશ્વત અને અભૂતપૂર્વ જ રહે છે. મેઘાણી વંદનાના સરકારી ઉપક્રમને આવકારીએ.

# તહેવાર, માનવ મનને માંજવાનો અવસર છે



**આરપાર**

રાઘવજી માધડ

વરસાદી વાતાવરણની વચ્ચે તહેવાર અને વ્યવહારનું ભાવાવરણ રચાઈ રહ્યું છે.ધાર્મિક, સામાજિક અને રાષ્ટ્રીય તહેવારોના વ્યવહાર વચ્ચે આપણે સૌ મસ્તપણે વ્યસ્ત ને કયાંક ત્રસ્ત પણ છીએ!

નાગપંચમ, શીતળા સાતમ, જન્માષ્ટમી, નંદ ઉત્સવ... જેવા તહેવારોની હારમાળા સર્જાઈ રહી છે.

આપણે વાર-તહેવારને મનભરી માણનારી ઉત્સવઘેલી પ્રજા છીએ. ઉત્સવો આપણામાં શ્રદ્ધા, ચેતના અને સંસ્કારની જ્યોત પ્રગટાવે છે. આશા, ઉમંગ અને અરમાનોના દીવડામાં દિવેલ પૂરે છે. પ્રકૃત્તિ સાથેનો તંતુ જોડી તેની સમીપ લઈ જાય છે. તહેવાર એ માનવમનને માંજવાનું ઉત્તમ ઔષધ ને અવસર છે. આજે શીતળાસાતમ છે.શીતળાને માતા માની, સમજી શ્રદ્ધાપૂર્વક કુલેર ચઢાવવામાં આવશે.કયાંક બાધા, ઉપવાસ સાથે મંદિરે જઈ દર્શન કરવાનો પણ લ્હાવો લેવા આવશે. દરેક વ્યક્તિને પોતીકી શ્રદ્ધા, ખ્યા લો, માન્યતા વગેરે ધરાવવાનો અબાધિત અધિકાર છે. કોઈને રોકવાનો, ટોકવાનો અહીં આશય પણ નથી. જેઓનાં સંતાન શીતળાના રોગના ભોગ બન્યા હોય તેની માતાઓ બાધા, આખડી રાખતી. માથા પર સળગ તી સગડી મૂકી, શીતળામાતાના દર્શને જતી. ક્યારેક સળગતી સગડી માથે લેવામાં ગફલત થઈ ગઈ હોય તો, માથું દાઝવાના બનાવો બનતા હતા. આવા વખતે કોઈ વ્યક્તિ ઈરાદાપૂર્વક સામે મળે અને સગડીધારી સ્ત્રીને કહેઃ 'તમારી માનતા પૂરી થઈ ગઈ. સગડી નીચે ઉતારી નાખો.' પછી રસ્તામાં અદ્ધવચ્ચે સગડી ઉતારી, માતાની માનતા પૂરી થયાનું માનવામાં આવતું હતું. વરસો પહેલા સૌરાષ્ટ્રના ગામડામાં, અણસમજ અવસ્થા માં આ બધું નજરે જોયું છે. તેથી કયારેક થાય છે કે માણસ આ બધું કોઈ અકળ ડર કે ભાવિ ભયના લીધેતો નથી કરતો ને !? ક્યારેક આવી ધાર્મિક માન્યાતો સંદર્ભે આંતર સંવાદ કરવા જેવો છે.કારણ કે માંદા મનનું માંદળિયું ભલે કોઈ બાંધતું, સાંધતું, વેચતું ન હોય પણ તેની અસરકારક રસી શોધાવી ખુબ જ જરૂરી છે! વરસો પહેલા શીતળાના રોગનો ભોગ બની, ખોડખાપણ ધરાવનારા અથવા મોતને ભેટનારાઓનો આંકડો નાનો નથી.વિશ્વ આરોગ્ય સંસ્થા (who) ના એક સર્વેક્ષણ મુજબ જે તે વખતે વિશ્વમાંથી કરોડો લોકો શીતળાના રોગથી મૃત્યુ પામ્યા હતા.જે રોગ આજે સંપૂર્ણ નાબુદ થયો છે.શીતળાની રસી શોધનાર ડો.એડ વર્ડ જેનરને આજે યાદ કરી દિલથી સલામ ભરવી જોઈએ. આજે આપણા સૌના સંતાનો શીતળા મુક્ત રહ્યા ના પાયામાં રસીકરણ છે. તમામ પ્રકારના ટીકા, રસી સ્વાસ્થ્ય માટે જરુરી છે. હાલના સંજોગોમાં કોરોનાની વેક્સિન લેવી એટલી જ અગત્યની છે. શ્રદ્ધાને ભલે સાચવી રાખીએ પણ વિજ્ઞાનને અવગણવા જેવું નથી. કોરોનાકાળમાં માત્રને માત્ર આરોગ્યલક્ષી વિજ્ઞાન જ ઓનડયુટી હતું. બાકીનું બીજું તો... આરામમાં હતું !

દેશ-વિદેશમાં વિશેષ મહત્વ છે તે જન્માષ્ટમી આવતીકાલે છે. હિંદુ ધર્મની માન્યતા મુજબ ભાદ્રપદના કૃષ્ણ પક્ષની અડધીરાતે નંદના લાલ ગોપાલનો જન્મ થયો હતો. તે નિમિતે આ ઉજવણી થાય છે. જન્માષ્ટમીને શાસ્ત્રોમાં વ્રતરાજ કહેવામાં આવે છે. ગોકુલ, મથુરાને દ્વારકામાં ખાસ ઉજવણી થાય છે. આ વ્રતરાજની ઉજવણીનું સૌરાષ્ટ્રના ગામડાંઓમાં વિશેષ મહત્વ રહ્યું છે. સાસરે વળાવેલી બહેન-દીકરીઓને પિયરમાં આ તહેવાર કરવા તેડી આવે.આ દિવસોમાં કામ-ધંધા છોડી અગતો પાળે. એક-બીજા ઘરે જઈ ખાસ કરી મીઠાઈમાં ઢેબરા આરોગે. ગામના પાદરમાં રાસ લેવાતો હોય.ત્યારે અઢારેય વરણ એક થઈ જાય.કયાંક મોટેરાઓ ચોપાટ ખેલતા હોયતો ખૂણે ખાંચરે જુગાર પણ રમતો હોય...મારા ગામમાં રાત્રી ના બાર વાગ્યે,ગામના ચોરા પર બંધુક ફોડતા. જેથી ગામલોકોને ખબર પડે,કૃષ્ણ જન્મ થઈ રહ્યો છે. માનવ એ ઈશ્વરનું શ્રેષ્ઠતમ સર્જન છે. પ્રકૃત્તિની સઘળી સુંદરતા ઈશ્વરે માનવમાં મૂકી છે. મોંઘામૂલા માનવજીવનને શબ્દોની સીમાઓમાં આંકવું અઘરું પડે એવું છે.પણ આ એક પ્રવાસ છે.અલભ્ય અવસર છે.જીવતરની મુકામ વગરની જર્ની છે. ક્યાં અને કયારે છટકી ને અટકી જશે તેની કોઈને ખબર નથી. ભૂત કાળ ગયોને ભવિષ્યની ખબર નથી. વર્તમાન હાથમાં છે. આ ક્ષણેક્ષણને મનગમતાં રંગોથી ભરી દેવાની છે.

તહેવારો જીવનને વિવિધ રંગોથી સભર કરી એક મઝાની રંગોળી બનાવે છે. આનંદ, ઉત્સાહ... ના ઉમેરા સાથે જીવનને ખુશીઓ ને લાગણીઓથી તરબતર કરી દે છે...તહેવારોને મનભરી માણીએ ! હા, કોરોના હજુ હાજર છે તે આપણે કોઈએ ભૂલવા જેવું નથી.

**છેલ્લે :**

ઉત્સવમાં **miss you** કરતા with you વધારે અગત્યનું હોય છે.

http://raghavjimadhad.blogspot.com
mo. 94270 50995

# જો હિંદુસ્તાનમાં તાલિબાની રાજ આવે તો?



**મોરપીંછના રંગ**

ડો. કનૈયાલાલ ભટ્ટ

આજે વિશ્વભરમાં કોરોના પછી સૌથી વધુ ચર્ચાસ્પદ શબ્દ હોય તો તે છે ''તાલિબાન'. જેને આજે આખા વિશ્વને ચિંતામાં મૂકી દીધું છે. જેટલો ડર વિશ્વને કોરોનાથી હતો તેટલો જ ડર વિશ્વને હવે તાલિબાનોથી છે. કેમ કે સૌ જાણે છે કે તાલિબાનો કેટલા ખતરનાક અને ખૂંખાર છે. છેલ્લા વીસેક દિવસથી અફઘાનિસ્તાનમાં કરોડો લોકોના જીવ મૃત્યુના ઓછાયા નીચે આવી ગયા છે. ક્યારે કોણ આવીને મારી નાખશે, સંપતિ છીનવી લેશે, એવો ડર સૌને સતત સતાવ્યા કરે છે. કેમ કે આ તાલિબાનીઓનો કોઈ ધર્મ નથી, માત્ર તેઓ હેવાનિયતથી લોકોને પીડા આપીને મારી નાખવામાં માને છે. જે અત્યારે આપણે સૌ અફઘાનિસ્તાનમાં જોઈ રહ્યા છીએ.

હિંદુસ્તાન આઝાદ થયાને આજે ૭૫ વર્ષ થઈ ગયા છે. પણ છતાંય આ દેશમાં હજી આજે પણ તાલિબાની વિચારધારા પ્રવર્તે છે. તાલિબાની વંશજો આજે પણ હિંદુસ્તાનમાં ઠેર ઠેર વસે છે. એમની વસ્તીમાં ને વિચારધારામાં વધારો થઈ રહ્યો છે. શક્ય છે કે જો આ સરકાર નહી હોય તો આપણા હિંદુસ્તાનમાં પણ તાલિબાની રાજ આવતા બહુ વખત નહીં લાગે, આમ તો એ તખ્તો આગળના સીત્તેર વર્ષોમાં ગોઠવાઈ જ ગયો હતો પણ આ પૂર્ણ બહુમતિથી ચૂંટાયેલી હિંદુત્વની વિચારધારાવાળી સરકારે એ આખો તખ્તો વીખી નાખ્યો. અન્યથા વર્ષ ૨૦૨૯ કે ૨૦૩૪માં હિંદુસ્તાન ઉપર વિધર્મીઓનું રાજ હોત. આપણા દેશની આજુબાજુના ઘણા વિધર્મી દેશોના આંતકીઓ વર્ષોથી હિંદુસ્તાનને અંદરથી સાવ ખોખલું બનાવી રહ્યા છે, તોડી રહ્યા છે. ભાઈચારાના નામે માયકાંગલું બનાવી રહ્યા છે. અને આપણે સૌ '' અમે બ્રાહ્મણ, અમે પટેલ, અમે દલિત, અમે ક્ષત્રિય, અમે મુસ્લિમ, અમે જૈન ... એમ કરીને પોતપોતાના સંગઠનો રાજકીય લાભ લેવા બનાવી રહ્યા છીએ પણ ''અમે સૌ હિંદુસ્તાની'' એવું કહીને કોઈ એક નથી થતું, અને બસ, તાલિબાનીઓને આજ જોઈએ છે.

મિત્રો, જરા વિચારીએ કે જો હિંદુસ્તાન ઉપર તાલિબાની રાજ આવે તો શું થાય ? અત્યારે જેઓ શુદ્ધ હિંદુસ્તાની હોવા છતાંય તાલિબાની વિચારધારા ધરાવે છે, સ્વાર્થી ભાઈચારાની ભાવના બતાવે છે એ સૌને ત્યારે ખબર પડશે જ્યારે અહીંયા તાલિબાની રાજ આવશે. સૌથી પહેલા દેશના પ્રત્યેક હિંદુઓને દેશ છોડવાનું ફરમાન કરવામાં આવશે. કે આઠ દિવસમાં હિંદુસ્તાન છોડીને જતા રહો નહિતર કત્લેઆમ શરું થશે. પરિણામે એ આઠ દિવસમાં જેઓ મોટા ઉદ્યોગપતિઓ છે, ફિલ્મ એકટરો છે, નેતાઓ છે, એ બધા તો પોતાની રોકડ સંપતિ લઈને વિદેશ જતા રહેશે. અને જેઓ મધ્યમવર્ગના બ્રાહ્મણો, પટેલો, જૈનો, દલિતો, ક્ષત્રિયો કે બીજી અનેક જ્ઞાતિના લોકો છે તેઓની કત્લેઆમ શરું થશે. ઘરમાંથી આવીને આપણી નજર સામે આપણી મા બહેન કે દીકરીઓને ઉપાડી જશે અને આપણે કશું ય નહીં કરી શકીએ. અત્યારે જેઓ મોટા કિંગ બનીને ફરે છે, મોંઘી ગાડીઓમાં ફરે છે, આલિશાન બંગલાઓ બનાવીને રહે છે, મંત્રી હોવાનો, નેતા હોવાનો, અધિકારી હોવાનો કે ધનવાન હોવાનો રોફ જમાવીને ફરે છે તેઓ સૌની તમામ સંપતિ લૂંટી લેવામાં આવશે. ત્યારે શું કરીશું ?

જેઓ દેશ છોડીને નથી જઈ શક્યા તેઓ સૌને ફરમાન કરવામાં આવશે કે જેઓએ '' અમીરાત સ્ટેટ ઓફ ઈન્ડિયા'' માં રહેવું હોય તો ઈસ્લામ ધર્મ સ્વીકારવો પડશે, સ્ત્રીઓએ બૂરખામાં ઢંકાઈને રહેવું પડશે. અને આખા દેશમાં ઈસ્લામિક કાનૂન લાગું કરવામાં આવશે. એટલે સાહજિક છે કે દેશના તમામ હિંદુ મંદિરો તોડી પાડવામાં આવશે. અગાઉ ભૂતકાળમાં મોગલ આક્રાંતાઓએ આપણા અનેક મંદિરો તોડ્યાનું ઈતિહાસમાં નોંધાયું છે. હવે વિચારો કે જો એકેય મંદિર નહીં બચે તો હિંદુત્વના ભાગલા પાડીને જે સંપ્રદાયો જુદા થયા છે તે સૌ શું કરશે ? કેમ કે આપણા તો સૌના ઈશ્વર પણ જુદા જુદા છે. જ્ઞાતિ જ્ઞાતિએ ઈશ્વર જુદા છે. ખુદા એક જ છે. ઈશુ એક જ છે પણ ઈશ્વર અનેક છે. તેથી અનેકને બદલે એકને માનવા પડશે. પૂજા કરવા ઉપર પ્રતિબંધ હોવાથી સવાર સાંજ સૌએ નમાજ કરવી પડશે. જો કે ઈશ્વર એક જ છે. શીવ કે કૃષ્ણ કે રામ હોય કે ખુદા હોય કે ઈશુ હોય... પૂજા કરો કે નમાજ કરો કે બંદગી કરો... બધુ એક જ છે પણ દરેક વ્યક્તિને પોતાની આસ્થાનું એક કેન્દ્ર હોય છે. તેથી સૌએ પોતપોતાની આસ્થાના કેન્દ્રો છોડીને એક જ આસ્થામાં જીવવું પડશે.

જો તાલિબાની રાજ આવશે તો મહિલાઓ બુરખો પહેર્યા વિના બહાર નહી નીકળી શકે, મેઈકપ નહી કરી શકે, જો નેઈલ પોલિશ કરી તો આંગળી જ કાપી નાખવામાં આવશે. મેઈકપ કર્યો તો માથું જશે. વળી મહિલાઓ માટે કોઈ નોકરી નહી, ખેલકૂદ, રમત ગમત બધુંબંધ, અભિનય, નાટક, ટી,વી. સિરિયલ - ફિલ્મો નહી ... અને છતાંય જે કોઈ મહિલા આ કરશે એને મૃત્યુની સજા હશે. હવે તમે વિચારો... આવું આપણા દેશમાં થશે તો ? ટી.વી. પર, ફિલ્મોમાં ચારેતરફ તાલિબાનીઓ નજરે આવશે. જીન્સ પેન્ટ કે ટીશર્ટ નહી પહેરવાનું, ગોગલ્સ પહેરશો આંખ ફોડી નાખશે. સ્કૂલ કે કોલેજનું તો નામ જ નહી લેવાનું. અને આવું બધુ સહન કરતા કરતા જો તમે બચીને રહો છો અને જો તમારા ઘરમાં ૧૨/૧૪ વર્ષની દીકરી છે અને તાલિબાનીઓની નજરમાં આવી ગઈ તો એ દીકરીને ઉપાડી જઈને કોઈ મોટી ઉંમરના તાલિબાની સાથે પરણાવી દેશે. અને આપણે આંસુ સાર્યા સિવાય કાંઈ નહી કરી શકીએ.

મિત્રો, જરા વિચારો, જો આપણે સૌ પોતપોતાના ચોકા બનાવીને રહ્યા, અને તેઓ તો વર્ષોથી એક જ જિહાદી માનસિકતા લઈને જીવે છે કે પૃથ્વી ઉપર તાલિબાને રાજ હોય... અને હિંદુસ્તાન ઉપર આવી ગયુંતો શું થશે? ક્યા જશે તમારા સપનાઓ? તમારા બંગલાઓ, ગાડીઓ, સંપતિ, ઓફિસો, બિઝનેસો, બેંક બેલેન્સ બધુ જ ખોઈ બેસશો.અને આપણા જ દેશમાં શરણાર્થી બનીને કોઈ કેમ્પમાં જીવવું પડશે તો? તમે ભલે અત્યારે કરોડોનાં બંગલામાં રહેતા હોય, કરોડોની કાર ફેરવતા હોય... જો દેશ ઉપર વિધર્મીઓનું રાજ હશે તો આ બધુ કાંઈ જ કામ નહી આવે. અને આ વિધર્મી તાલિબાનીઓ હવે હિંદુસ્તાનની પ્રજાને ઓળખી ગયા છે તેથી તેઓ આપણી વચ્ચેના જ કેટલાંક ગદ્દારોની સાથે મળીને અનેક ષડયંત્રો બનાવી રહ્યા છે. શામ,દામ,દંડ અને ભેદની નીતિ અપનાવી રહ્યા છે. જે જે પ્રદેશોમાં એમની સત્તા છે ત્યાં બધુ મફત કરીને પ્રજાને મફતની ટેવ પાડીને આશ્રિત કરે છે. અને આપણી મુર્ખ પ્રજા લાંબુ વિચાર્યા વિના આવા દેશદ્રોહીઓને વૉટ આપીને સત્તા સોંપી દે છે. હજી તો બે પાંચ રાજ્યોમાં જ આ વિધર્મીઓનું જોર છે જો પ્રજા નાની નાની લાલચોમાં આવીને ફ્રી મેળવવાની લાલચમાં જો તાલિબાનીઓને સત્તા આપી દીધી તો ફ્રી તો એકબાજુ રહેશે, તમારી પાસે જે છે તે પણ લઈ લેશે અને છતાં ઘરે રોડ ઉપર ભટકવું પડશે. એક એક રોટલી કે બ્રેડના ટૂકડા માટે તરસવું પડશે. મિત્રો, આ સહેજેય કલ્પના નથી. આ બધુ અત્યારે અફઘાનિસ્તાનમાં થઈ રહ્યું છે. કેમ કે ત્યાંનો રાજા (રાષ્ટ્રપતિ) નબળો હોવાથી ભાગી ગયો. અને તાલિબાનીઓએ સત્તા લઈ લીધી. તમે જ વિચારો, દેશમાંથી પોલીસ ને આર્મી હટી જાય અને હિંદુસ્તાનીઓ અને વિધર્મીઓ વચ્ચે ગૃહ યુદ્ધ ફાટી નીકળે તો શું થાય ? ૯૮ ટકા હિંદુસ્તાનીઓના ઘરમાં હથિયાર નહીં હોય જ્યારે સો એ સો ટકા વિધર્મીઓના ઘરમાંથી હથિયાર નીકળશે. અને ઉપરથી તાલિબાનીઓની બંદૂકો તો ખરી જ. તો આ ગૃહયુદ્ધ કોણ જીતશે ? આ તાલિબાનીઓએ સ્વતંત્રતા પછીથી પણ આ હિંદુસ્તાન ઉપર કબજો લેવાનું સપનું છોડ્યું નથી. એમની તાલિબાની વિચારધારા અહીયા પણ નાના નાન બાળકો, યુવાનોમાં ભરી પડી છે.

આ બધામાંથી બચવું હોય તો એક ને માત્ર એક જ રસ્તો છે. સૌથી પહેલા રાષ્ટ્રવાદ. વ્યક્તિગત સ્વાર્થ, ધર્મ, ભાષા, જ્ઞાતિ - જાતિ, સમાજ આ બધાથી ઉપર ઊઠીને એક રાષ્ટ્ર, એક ધર્મ, એક ઈશ્વર, એક કાનૂન, એક વિચારધારા, એક જાતિની વિચારધારા અપનાવીને જીવવું પડશે. અને દેશનું સુકાન જાંબાજ, નીડર, ગમે તેવા કઠિન નિર્ણયો લઈ શકે એવો, સતત કામ કરનાર રાષ્ટ્ર માટે સમર્પિત લોખંડી નેતા ચૂંટવો પડશે. પેટ્રોલ મોંઘુ થયું, અનાજ મોંઘું થયું, સાધનો મોંઘા થયા, બેકારી વધી... બધુ સાચું. છતાંય આપણે બેબાક સ્વતંત્રતાથી જીવી શકીએ છીએ. ગમે તે કામ ધંધા કરી શકીએ છીએ. આપણી બેન દીકરીઓ નીડરતાથી બહાર હરી ફરી શકે છે. અને થોડી મહેનત કરશો તો કામ પણ મળી રહેશે. પણ જો ભૂલથી નાના નાના લાભ લેવા, મફતમાં લેવાની લાલચમાં આવીને કોઈ એવા નેતાના કે પક્ષના હાથમાં દેશની સત્તા આવી ગઈ તો એક વખત અફઘાનિસ્તાનની સ્થિતિ જોઈ લેજો. હજી ટી.વી.માં રોજ આવે જ છે. મોંઘવારીને કે બેરોજગારીને તો પહોંચી વળાશે, પણ જો દેશ જ તાલિબાનીઓને હવાલે હશે, પોલીસ કે આર્મી નહી હોય તો ગમે તેટલી સંપતિ કે પદ હશે બધુ ઝીરો થઈ જવાનું છે. તેથી આવનારા ૨૦૨૪ અને ૨૦૨૯ના વર્ષ આપણી આવનારી પેઢીઓ માટે, હિંદુસ્તાન માટે ખૂબ નિર્ણાયક છે. અત્યાર સુધી કરેલી ભૂલો ચાલી ગઈ છે. હવેની એક ભૂલ દેશને છિન્નભિન્ન કરી શકે છે. આપણા સૌના સંતાનોનું જીવન બરબાદ કરી શકે છે. વંદે માતરમ.

9426060601.india@gmail.com

# શ્રાવણ... જન્માષ્ટમી... ભક્તિ... જુગાર...!



**રઝળપાટ**

અજય ઉપાધ્યાય

શ્રાવણ ઓલમોસ્ટ પૂરો થવામાં છે. આ વખતનો શ્રાવણ પણ ગયા વર્ષ જેવો જ છે , મો પર માસ્ક અને સાવચેતીથી ભગવાન ભોળાનાથને ભજવાનું. હા એ ખરું કે વેક્ષિનેશનને પ્રતાપે દેવ-દર્શનમાં થોડી છૂટછાટો મળેલી છે પણ હજુયે ભાવિકોમાં પહેલા જેવો ઉત્સાહ તો નથી જ. રજાઓમાં ટોચના દેવસ્થાનોને બાદ કરતાં સ્થાનિક મંદિરોમાં ભીડ ઓછી દેખાય છે. આરતી અને પુજા અર્ચના થાય તો છે પણ મોટાભાગે જોવા મળતી ભક્તોની ભીડ પ્રમાણમાં ઓછી છે. કોરોનાએ જેમ શિક્ષણ, વ્યાપાર જેવા અગત્યના કામોમાં આમૂલ ફેરફાર લાવી દીધો છે બિલકુલ એમ જ ભક્તિમાં પણ 'મન ચંગા તો કથરોટ મે ગંગા' જેવો ભાવ ભકતોમાં લાવી દીધો છે. પુજા તો કાઈ ઓનલાઈન થોડી થવાની પણ પહેલા રોજ મંદિરે જતાં લોકો હવે વીકમાં એક કે પછી બે વાર જતાં થઈ ગયા છે. શ્રાવણમાં પણ ભગવાન ભોળાનાથને અભિષેક કરનારાઓની સંખ્યા ઓછી દેખાઈ રહી છે, અને એમાં કશું ખોટું પણ નથી જ. 'સર સલામત તો પાઘડીયા બહોત' ની જેમ જીવતા રહેશું તો ભોળાનાથને રોજ અભિષેક કરી શકવાના. પણ શું છે કે ભક્તિ - આરાધના એ એક નિયમ છે અને દરેક ધર્મમાં એ અનિવાર્ય છે એવામાં ભલે ઓછી તો ઓછી પણ ભક્તિ અને ભક્તિભાવભર્યો માહોલ યથાવત છે એની ખુશી છે.

તહેવારોનો ઉત્સાહ છે તો ખરો પણ સાવચેતી હવે પ્રાયોરિટીમાં છે. ઓગષ્ટ આમ તો તહેવારોનો મહિનો ગણાય, ઈનફેક્ટ એમ કહી શકાય કે ઓગષ્ટથી તહેવારોની શરૂઆત થાય. ઓગષ્ટથી તહેવારોની એક લાંબી વણજાર શરૂ થઈ જાય કે જે છેક દિપાવલીના તહેવારો સુધી ચાલુ રહે. મજાની વાત એ છે કે આ હિન્દુ તહેવારોમાં અબાલ- વૃધ્ધ બધા માટેના તહેવારો સામેલ છે. રક્ષાબંધનનું પવિત્ર પર્વ હમણાં જ ગયું. 'બહેના ને ભાઈ કી કલાઈ પે' રાખડી બાંધીને કોરોનાના આ મહાકાળમાં એની સલામતીની પ્રાર્થના કરી. આ વખતે થોડી છૂટછાટને લીધે બહેનો એક્ચ્યુલ રાખી બાંધી શકી. માનવજીવનનો પ્રાણ છે તહેવારો. તહેવારો એ એક એવો મિનિ બ્રેક છે કે જેના લીધે રોજબરોજની દોડધામમાં જીવને થોડી રાહત પહોચે છે. તહેવારોની ઉજવણી એ રૂટિન લાઈફથી કુછ હટકે , રોજબરોજની નાની મોટી મુશ્કેલીઓ ભૂલીને આનંદ અને ખુશી માણવાના દિવસો છે. પણ કોરોનાકાળમાં તહેવારોની રંગત ઓછી થઈ ગઈ છે અને એમાયે શ્રાવણ જેવા ભક્તિભાવથી ભરપૂર મહિનામાં ભગવાન અને ભક્તો વચ્ચે સાવચેતીની એક રેખા અંકાઈ ગઈ છે. કઠિન તો છે પણ સમયની માંગ છે.

આ લેખ તમે વાંચતાં હશો એના બીજા દિવસે જન્માષ્ટમી છે. તહેવારોની શૃંખલામાં એક બીજો મોટો અને ધર્મની દ્રષ્ટિએ આગવો તહેવાર. ભગવાન કૃષ્ણના જન્મને આખું હિંદુસ્તાન વધાવતું હોય છે. એકલું હિંદુસ્તાન જ શુકામ પણ જગતના ઘણા દેશોમાં જ્યાં જ્યાં હિન્દુઓ છે ત્યાં ત્યાં આ તહેવાર ઉમંગ અને શ્રધ્ધાથી ઉજવાઈ છે. ભગવાન કૃષ્ણનું તત્વજ્ઞાન અને ભગવતગીતાનું ગહન જ્ઞાન તો હવે વિદેશી નાગરિકોમાં પણ પ્રચલિત છે. હરે કૃષ્ણ પંથ તો દુનિયામાં ફેલાયેલ છે અને એમના માટે પણ જન્માષ્ટમીનું અનેરું મહત્વ છે. પણ હિંદુસ્તાનમાં જન્માષ્ટમીનું મહત્વ વિશેષ છે. ભગવાન કૃષ્ણની નગરીઓ દ્વારકા અને મથુરામાં આની વિશેષ ઉજવણી થાય છે. કોરોનાકાળમાં ગુજરાતનાં ઘણા શહેરોમાં રાત્રિ કરફ્યુ છે પણ ભગવાન કૃષ્ણના જન્મદિવસની મધરાતે ઉજવણી થઈ શકે એ માટે સરકારે આ રાત્રિ કરફ્યુમાં વિશેષ છૂટ આપેલી છે. કોરોનાકાળમાં તહેવારોની ઉજવણીના બહાને માનવજાતને જે હાશકારો મળવાનો એ અત્યારના સમયમાં ખૂબ જ જરૂરી છે. જન્માષ્ટમી તો આવી ચૂકી છે અને ગણેશોત્સવ અને નવરાત્રિ જેવા તહેવારો દિવાળીના ઉમંગભર્યા તહેવારો પહેલા આવવાના છે એવામાં કોરોનાની બીક રાખતા રાખતા પણ માનવજાતને તહેવારોની ઉજવણી કરવા મળે અને એ બહાને જીવનમાં છેલ્લા બેક વર્ષોથી છવાયેલ અંધકાર દૂર થઈને ખુશી અને આનંદનો પ્રકાશ પથરાય એ બહુ જરૂરી પણ છે.

આમ તો જન્માષ્ટમી અને કૃષ્ણજન્મને જુગાર સાથે કશું જ લેવા દેવાનું નથી એમ છતાં પણ આઠમ પર જુગાર પણ બહુ રમાય છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર બાજુ તો શ્રાવણ શરૂ થાય એની પહેલાથી જુગાર શરૂ થઈ જાય છે અને જન્માષ્ટમી પર એ એની ચરમસીમા એ હોય છે. જન્માષ્ટમી જાણે જુગાર રમવાનો આખરી દિવસ હોય એમ લોકો આખી રાત પત્તા ટીચયા કરે છે. આમ તો આ એક પ્રકારનો નિર્દોષ આનંદ જ છે પણ દિવસે દિવસે આની લત લાગી જનાર લોકોની સંખ્યા વધતી જાય છે. શ્રાવણિયા જુગારધામો પર રેડના સમાચારો લગભગ રોજેરોજ અખબારોમાં ચમકતા રહે છે. ઘણા લોકો માટે આ પણ એક પ્રકારની કૃષ્ણજન્મ ઉજવણી છે પણ પછી આને લીધે કૃષ્ણજન્મ સ્થળની મુલાકાત લેવાના પણ યોગો બનતા હોય છે !!!!. કૃષ્ણજન્મ અને જૂગટું એ પામર માનવીઓએ જુગાર રમવાના બહાના નીચે જોડેલું અપલક્ષણ જ છે. કહેવાય છે કે ભગવાન ખુદે પાંડવોને જુગાર રમવા પર નારાજગી બતાવેલી અને કહેલું કે જુગાર રમીને તમે સારું નથી કર્યું અને આનું પરિણામ તમારે ભોગવવું પડશે. કૃષ્ણનું તો આખું જીવન જ એક સંદેશ છે. કારાગાર જેવા કઠિન સ્થળે જન્મ્યા પછીથી દેહત્યાગ સુધી કૃષ્ણ સતત મુશ્કેલીઓ સામે લડતા રહ્યા પછી ચાહે એ કૌરવો-પાંડવોની લડાઈ હોય કે યાદવાસ્થળી. કૃષ્ણનો આ સંદેશ કે 'જીવનની દરેક પરિસ્થિતિમાં સતત હસતાં રહો , સ્થિર રહો , સંયમી રહો' એ કોરોનાકાળના મુશ્કેલ સમયમાં ખૂબ જ ઉચિત છે.

જુગાર તો ઠીક છે પણ તહેવારોની ઉજવણીમાં મેળાનો પણ એટલો જ પ્રભાવ છે. સૌરાષ્ટ્ર બાજુ લોકમેળાઓ મોટાભાગે પાંચમથી શરૂ થઈ જાય છે અને લાખો લોકો મેળામાં ટહેલવા અને પરિવાર સાથે આનંદ કરવા આવતા હોય છે. આ વખતે કોરોનાને લીધે તહેવારોની આ નિર્દોષ મજા પર રોક લાગી ગઈ છે. લગભગ મોટાભાગના મેળાઓ બંધ છે. મેળાનું પણ એક આગવું આર્થિક તંત્ર છે. મેળાને લીધે ઘણા પરિવારો ૪-૬ મહિનાની આવક ભેગી કરી લેતા હોય છે. આ વખતે પણ ''હું તો ગઈ તી મેળે ,પ.'' ગાવાનો મોકો નથી મળવાનો. નો ડાઉટ જન્માષ્ટમીની રજાઓમાં હવે બહાર ફરવા નીકળી પાડવાનો બહુ ટ્રેન્ડ છે. ઈનફેક્ટ કોરોના જેવો થોડો હળવો પડ્યો કે તરત જ છેલ્લા ઘણા વખતથી ઘરોમાં બંધ લોકો બહાર નીકળી પડ્યા છે. પ્રવાસન સ્થળો પેક છે. ગુજરાતમાં સારું છે કે કોરોના કંટ્રોલમાં છે એટ્લે વિથ સાવચેતી હરવા ફરવામાં બહુ વાંધો નથી પણ કેરલ, મહારાષ્ટ્રમાં હજુ પણ કોરોનાના કહેરને લીધે આઉટ ઓફ ગુજરાત ફરવા જવું હજુ જોખમી તો છે જ. અને આમ પણ સરકાર કોરોનાની ત્રીજી લહેર વિષે ચેતવી તો રહી જ છે એવામાં શ્રાવણ અને હવેના તહેવારોમાં ઉજવણી પર સાવચેતીરૂપી સ્વ્યંભુ મર્યાદા જ આવનારા ઉજ્વ્વળ સમય માટે જરૂરી છે. જગદગુરુ કૃષ્ણના જન્મદિવસે એટલી જ પ્રાર્થના કરીએ કે બહુ જલ્દીથી દુનિયા પર છવાયેલો આ કોરોનારૂપી અંધકાર દૂર થાય અને ફરીથી લોકો પહેલાની જેમ જ એય ને આનંદથી મેળાઓ... મુલાકાતો... પ્રસંગો... તહેવારો માણી શકે...!